ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૧ ટકા

# જય અંબે પરિવાર દ્વારા યોજાતી પદયાત્રા મોકુફ

## કોવિડ-૧૯ને લીધે છેલ્લા ૩૧ વર્ષથી યોજાતી પદયાત્રા અંબાજી મંદિર ૪ સપ્ટેમ્બર સુધી બંધ રહેતા મોકુફ

ગાંધીનગર, તા.૧૭

શહેરના જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરથી અંબાજી પદયાત્રાનું આયોજન છેલ્લા ૩૧ વર્ષથી કરવામાં આવી રહ્યું છે જે મુજબ ભાદરવાના આવનાર ૩૨મા વર્ષે પણ તા. ૨૩ ઓગસ્ટથી ૨૯ ઓગસ્ટ સુધી અંબાજી પગપાળા જવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૪ સપ્ટેમ્બર સુધી અંબાજી મંદિર સંપૂર્ણ પણે બંધ રહેવાનું હોવાથી સંસ્થા દ્વારા ચાલુ વર્ષની અંબાજીની પદયાત્રા મોકુફ રાખવામાં આવી છે.

ઘણા વર્ષોથી માં અંબાના ભકતો ભાદરવા મહિનામાં માતાના દર્શને પગપાળા જતા હોય છે. ગાંધીનગરના નગરજનો ઉપરાંત ગામેગામથી નગરના રસ્તા પરથી જ પદયાત્રા નીકળે છે અને દસ દિવસ નગરના રસ્તા પર જ ઉત્સાહ અને આનંદ સાથે પગાપાળા અંબાજી જતા પદયાત્રીઓના મુખે જય અંબેનો નાદ સંભળાય છે. આ પદયાત્રા દર વર્ષે અલગ અલગ સંસ્થા દ્વારા યોજાય છે. તેવી જ રીતે જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી ગાંધીનગરથી અંબાજી પદયાત્રાનું આયોજન ભાદરવા મહિનામાં કરવામાં આવતું. આ વર્ષે પણ ગાંધીનગરથી અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ કોરોનાને કારણે સરકારની સૂચના મુજબ તા. ૪ સપ્ટેમ્બર સુધી અંબાજી મંદિર સંપૂર્ણ પણે બંધ હોવાથી સંસ્થા દ્વારા પદયાત્રાનું આયોજન મોકુફ રાખવામાં આવ્યું છે. આ સાથે સંસ્થાના પ્રમુખ લલિતભાઈ પટેલ દ્વારા તમામ ભકતોને ઘરે જ માતાજીના પાઠ-પૂજા કરવા જણાવાયું છે. અને વધુમાં તેઓ જણાવે છે કે પાછલા ૩૧ વર્ષથી પદયાત્રા સ્વરૂપે કરવમાં આવતી પરમ તત્ત્વની આ આરાધનાને ચાલુ વર્ષે પદયાત્રાને બદલે ઉકત દિવસો દરમિયાન માતાજીની મહાપૂજા, ચંડીપાઠ સવાર-સાંજ થાળ અર્પણ તથા આરતી દ્વારા અર્પણ કરાશે. આ પૂજાનું આયોજન સરકાર દ્વારા અપાયેલ કોરોના અંગેની વખતો વખતની ગાઈડલાઈન્સને અનુસરીને પરિવારના સ્વાધ્યાય હોલમાં કરવામાં આવનાર છે. જેના ફોટોગ્રાફસ અને વિડિયો કિલપ દરરોજ પરિવારના વોટસએપ ગ્રુપમાં મુકવામાં આવશે. માટે સરકાર દ્વારા જણાવાયેલ ગાઈડલાઈનને અનુસરીને તમામ ભકતો ઘરે જ પરિવારજનો સાથે રહી વિશેષ પૂજાપાઠ, મંત્રજાપ, મંત્રલેખન, મા જગદંબાની ભકિતવંદના સ્વાધ્યાય જેવી ધાર્મિક આરાધના કરી વહેલામાં વહલી તકે માતાજી વિશ્વમાંથી કોરોનાની મહામારી દૂર કરી માનવજીવનને ફરી ધબકતું કરતી પ્રાર્થના કરે તેવી અપીલ કરવામાં આવે છે.

## સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને યોજાયેલા ‘હેપ્પી રક્તદાન શિબિર’માં ૩૭ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું

### છેલ્લા ત્રણ માસમાં હેપ્પી યૂથ કલબ દ્વારા ૧૦૦ યુનિટ્સ રક્તદાન એકત્ર કરાયું




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ અને લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને ભારતના સ્વતંત્રતાસેનાનીઓ તેમજ ભારતીય સૈન્યના વીર શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી તા. ૧૬મી ઓગસ્ટ રવિવારે ‘હેપ્પી રક્તદાન શિબિર’ યોજાઈ હતી જેમાં ૩૭ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. ‘હેપ્પી રક્તદાન શિબિર’માં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, લાયન્સ ઈન્ટરનેશનલ રિજયન ચેરમેન અતુલભાઈ જોશી, ચેરમેન રાજેશ ગૌડા, બ્લડ ડોનેશન ચેરમેન ધર્મેશભાઈ ઠક્કર સહિત વિવિધ અગ્રણીઓએ ઉપસ્થિત રહી અભિનંદન પાઠવ્યા હતા.

આ કેમ્પ સાથે હેપ્પી યૂથ કલબ દ્વારા કોરોના મહામારીના કાળમાં છેલ્લાં ત્રણ માસ દરમ્યાન ત્રણ કેમ્પના આયોજન કરી કુલ ૧૦૦ યુનિટ્સ રકત એકત્ર કરવામાં આવ્યું છે જે પ્રસંગે સંસ્થા દ્વારા તમામ રક્તદાતાઓ તેમજ આ સેવાકાર્યમાં મદદરૂપ થનાર સૌ કોઈનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં હેપ્પી યૂથ કલબના કોષાધ્યક્ષ ભાવના રામી, કેમ્પ કોઓર્ડિનેટર કિરીટ પારઘી સહિત સભ્યો, લાયન્સ કલબ ફેમિનાના પ્રોજેકટ લીડર ડીમ્પલ દેસાઈ, પ્રોજેકટ ચેરમેન ડો.ઉર્વીબેન મહેતા, પ્રમુખ મમતાબેન રાવલ, સેક્રેટરી દક્ષાબેન જાદવ સહિત મહિલા સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ રક્તદાન શિબિર ગાંધીનગરના સેકટર-૭ડી ખાતે ડો.ઉર્વી – દિપક મહેતાની હોસ્પિટલે કોવિદ-૧૯ની ગાઈડલાઈન અનુસાર અગાઉથી સ્થળનું સેનેટાઈઝેશન કરીને ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે તેમજ સ્થળ પર થર્મલ સ્કેનર તથા સેનેટાઈઝરની સુવિધા સાથે યોજાયો હતો. કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની કલોલ શાખાની ટીમે પૂરી પાડી હતી. કેમ્પમાં રક્તદાન કરનાર તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર, રક્તદાતા કાર્ડ તેમજ શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગાંધીનગર સિવિલમાં કોપર વાયરની ચોરી

## ૬ એસીના વાયર કાપી ચોર ઈસમો લઈ ગયા, સિવિલ તંત્રને લાખોનું નુકશાન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રાત્રીના સમયે ચોર ઈસમો ત્રાટકયા હતા. ચોર ઈસમોએ સોનોગ્રાફીની પાછળની બાજુએથી એસીના કોપર વાયરોની ચોર કરી પલાયન થઈ ગયા છે. એક સાથે ૬ એસીના વાયર કાંપી નાંખતા સિવિલ તંત્રને એક લાખથી વધુ રકમનું નુકશાન થવા પામ્યું છે. જયારે ચોરી થઈ તે જગ્યા સીસીટીવી કેમેરામાં કેદ થઈ શકે છે. પરંતુ સિવિલના સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા છે. ત્યારે સિવિલની સલામતીને લઈ પણ અનેક પ્રશ્નાર્થ ઉઠવા પામ્યા છે.

ગાંધીનગર શહેરની સિવિલમાં સમસ્યાઓ શમવાનું નામ લેતી નથી. સિવિલની હાલત એક સાંધો ત્યાં તેર તુટે તેવી છે. ગાંધીનગર મેડીકલ કોલેજમાં કોપર વાયર ચોરીની ઘટનાઓ સામે આવી હતી. ત્યારબાદ સલામતી ગાર્ડ દ્વારા ચોર ઈસમોને પકડી પાડવામાં આવ્યા હતા. ત્યારે ફરીવાર સિવિલના એસીમાં વપરાતા કોપર વાયર પર ચોર ઈસમોની નજર બગડી છે. મળતી વિગત મુજબ રાત્રીના અંધકારમાં ચોર ઈસમોએ એક સાથે અંદાજીત ૬ જેટલા એસીના કોપર વાયર કાંપી નાંખીને લઈ ગયા છે. પરંતુ કોપર વાયરને પગલે સિવિલને લાખો રૂપીયાનું નુકશાન વેઠવાનો વારો આવે છે. એસીના નવા કોપર વાયર તેમજ ગેસ પુરવા સહિતની કામગીરી કરવી પડે છે. સિવિલમાં રાત્રીના સમયે પણ સલામતી જવાનો હોવા છતા ચોરીની ઘટના સામે આવે છે. જે સ્થળ પર ચોરી થઈ તે સ્થળ નજીક બે સીસીટીવી કેમેરા લાગેલા છે. પરંતુ તે કેમેરા કાર્યરત હોય તો તેમાં ચોર ઈસમો કેદ થઈ શકે છે. પરંતુ આ કેમેરા છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સિવિલના સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠીયા સમાન હોય તેમ લાગી રહ્યું છે.





## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ઉકાળાનું વિતરણ શરૂ કરાયું

ગાંધીનગર, તા.૧૭

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વધી રહેલા કોરોનાના પ્રકોપને રોકવાના હેતુથી આયુર્વેદીક ઉકાળાનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈટાદરામાં પણ રેડક્રોસના રામજીભાઈ આર્મી ગનમેન દ્વારા બેંક ઓફ બરોડા બેંક ખાતે ઉકાળાનું વિતરણ શરૂ થયું છે. આ દરેક ગામમાં ૫ દિવસ સુધી ઉકાળા પીવડાવવામાં આવશે તેમ ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ભંગી જીતેન્દ્રભાઈ ચિમનભાઈ, ઉ.વ. ૫૫, સેકટર-૧૩, છાપરાં
- સ્વ. પટેલ સુનિલભાઈ જયંતિભાઈ, ઉ.વ. ૩૮, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. પટેલ લલિતાબેન જશુભાઈ, ઉ.વ. ૭૫, પ્રાંતિયા, તા. ગાંધીનગર
- સ્વ. દિનેશકુમાર પરસોત્તમભાઈ જાદવ, ઉ.વ. ૪૭, સેકટર-૨૪, ગાંધીનગર

# શહેરની સંસ્થાઓએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી

**● યુથ હોસ્ટેલ, સે-૧૬**

શહેરના સેકટર-૧૬ ખાતેની યુથ હોસ્ટેલમાં નહેરુ યુવા




કેન્દ્ર દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

**● રાધે રાધે ગૃપ**

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના રાધે રાધે ગૃપ દ્વારા સેકટર-



૨૫ ખાતે સમર્પણ બોયઝ હોસ્ટેલ એન્ડ પી.જી. કેમ્પસમાં મનપાની સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. આ સાથે ઉપસ્થિસ્થ ટ્રસ્ટી રૂપસિંહજીના હસ્તે ૫૧ બુલેટ સવારોની રેલીને પ્રસ્થાન કરાવાયું હતું.




**● રંગોલી પ્રિસ્કૂલ**

ગાંધીનગરની રંગોલી પ્રિસ્કૂલ દ્વારા આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં બાળકોની વેશભૂષા યોજાઈ હતી. આ પ્રસંગે હાર્દજ્ઞ ધનંજય જોષીએ ભાગ લઈ ધ્વજવંદન કર્યું હતું.

**● પી.પી.આર. શાહ હાઈસ્કૂલ, લીંબોદરા**

પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ



યોજાયો હતો જયાં ગામના સરપંચ રણજીતસિંહ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

**● ઘોડેસવારી સાથે ધ્વજવંદન**

ભારતના ૭૪માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શહેરમાં ઘોડેસવારીનો શોખ



ધરાવતા યુવાનોએ પણ ઉજવણી કરી હતી. આ યુવાનોએ પોતપોતાના ઘોડા પર સજજ થઈને ગ્રામીણ વિસ્તારમાં રાષ્ટ્રધ્વજ સાથે રેલી યોજી હતી.

**● સરઢવ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

ગાંધીનગર નજીકના સરઢવ ગામ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



કરવામાં આવી હતી. આ પ્રસંગે ખાસ કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

**● ચંદ્રાલા, સી.કે. પટેલ વિદ્યાસંકુલ**

ચંદ્રાલા સ્થિત સી.કે. પટેલ વિદ્યાસંકુલ ખાતે ૭૪મા સ્વાતંત્ર્ય




દિવસની ઉજવણી પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ સાથે સમાજના અગ્રણીઓ તથા હોદ્દેદારો દ્વારા ઉપસ્થિત રહી ધ્વજવંદનના કાર્યક્રમ બાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

**● ચિલોડા પ્રાથમિક શાળા**



ચિલોડા પ્રાથમિક શાળા ખાતે કોવિડ-૧૯ના નિયમોને ધ્યાનમાં રાખીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જયાં શાળા તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, સાદરા**



ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ પ્રસંગે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે સ્વતંત્રતા દિવસે કુલનાયક ડૉ. અનામિકભાઈ દેસાઈ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

**● ઉમિયા કૃપા હા.સો. કુડાસણ**

ઉમિયા કૃપા કો.ઓ.હા. સોસાયટીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રવિવારના



રોજ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સોસાયટીના પ્રમુખ વાસુદેવભાઈ પટેલ, ગાંધીનગર મહિલા મોરચાના મંત્રી પ્રિયાબેન તથા સર્વે સોસાયટીના રહેવાસી ઉપસ્થિત રહ્યા હતા.

**● કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ**

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા ૧૫મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે દશરથબા મહેન્દ્રસિંહજી પરમાર રાજપૂત આઈએએસ/કરિયા એકેડેમી લેકાવાડા ખાતે સમાજના પ્રમુખ મહેન્દ્રસિંહ



એ. જાડેજા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આજ દિવસે વ્યસનમુકિત દિવસની પણ ઉજવણી કોરોના મહામારીના નિયમો સાથે માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવામાં આવી હતી.

**● વંદેમાતરમ પાર્ક-૨, સેકટર-૨૯**

ગાંધીનગરના સેકટર-૨૯ ખાતે વંદેમાતરમ પાર્ક-૨ સોસાયટીમાં




તમામ વસાહતીઓએ સાથે મળીને ધ્વજવંદન કર્યું હતું.